ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને રૂ.૨૩.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ ૨૦૨૨-૨૩)

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃATE/e-file/17/2022/0001/A1

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૨૪/૦૩/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) આ વિભાગનો તા.૨૭/૦૫/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) આ વિભાગનો તા.૦૫/૦૮/૨૦૨૨ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) આ વિભાગનો તા.૧૩/૦૨/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૭/૦૩/૨૩નો પત્ર ક:વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૨૦૩-૦૪

**આમુખઃ-**

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧૧૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક ૧) પરના તા.૦૭-૦૪-૨૦૨૨ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે થયેલ રૂ.૧૧૦.૦૦ લાખની જોગવાઇમાંથી વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૨) પરના તા.૨૭/૦૫/૨૦૨૨ના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૭.૫૦ લાખની, વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૩) પરના તા.૦૫/૦૮/૨૦૨૨ના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂા.૧૨.૦૦ લાખની અને વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૪) પરના તા.૧૩/૦૨/૨૦૨૩ના ઠરાવથી ત્રીજા હપ્તા પેટે રૂા.૨૭.૫૦ લાખની એમ મળીને કૂલ રૂા.૬૭.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિસકતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના તા.૧૭/૦૩/૨૦૨૩ના પત્રથી રૂા.૨૩.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ છે, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે થયેલ રૂ.૧૧૦.૦૦ લાખની જોગવાઇમાંથી ચોથા હપ્તા પેટે રૂા.૨૩.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.

(૨) ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ (પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ) સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૭) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૧૯૦ જાહેર સત્રની સહાયક અને અન્ય, પેટા સદર:ઓબીસી-૧૨ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ હેઠળ ઉધારવાનો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇ મેળવવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર સુધારેલ ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ની તા.૨૩/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: Ketankumar Adhelabhai Damor
Location: Gandhinagar, Gujarat
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 24-Mar-2023 (12:49 PM)

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૩.